ગાંધીનગર સમાચાર

ગૂંજ ફાઉન્ડેશનની શહીદોને શ્રધ્ધાંજલિ

## @ગાંધીનગર

● પ્રવર અધિક્ષક ડાકઘર ગાંધીનગર વિભાગ દ્વારા ટપાલ સેવાને લગતા પ્રશ્નોના નિરાકરણ માટે સિનિયર સુપ્રિન્ટેન્ડેન્ટ ઓફ પોસ્ટ ઓફિસીસ ગાંધીનગર ડિવિઝન, સે-૧૧ ખાતે સવારના ૧૧.૩૦ કલાકે ડાક અદાલત યોજાશે.

● સેકટર-૭ અને સેકટર-૨૯ સરકારી આયુર્વેદ દવાખાનામાં સવારના ૮.૩૦ થી ૧૨.૩૦ કલાક દરમિયાન વિના મૂલ્યે બાળકોને સુવર્ણપ્રાશન કરાવવામાં આવશે.

# શહેરના યુવાવર્ગે ડ્રેસીંગ સાથે ગરબાનું રિહર્સલ કર્યું

ગાંધીનગર, તા.૨૫

કુમ કુમના પગલા પડ્યા માડી તારા હેત જડ્યા જોવા લોક ટોળે વળ્યા રે હો હો... માડી તારા આવવાના એંધાણ થયા.. નવલી નવરાતને ગણતરીના કલાકો બાકી રહ્યા છે. શહેરનો યુવાવર્ગ નવરાત્રીમાં ગરબે ઘુમવા અધિરો બન્યો છે. શહેરના ખૈલેયાઓ ગરબા કલાસીસમાં અવનવા ફેન્સી ગરબા અને સ્ટેપ્સ તેમજ લુક સાથે ગરબાની તનતોડ પ્રેકટીસ કરી રહ્યા છે. નવલા નવરાત પહેલા ગરબા પ્રેમીઓ પોતાની તૈયારીઓને આખરી ઓપ આપી રહ્યા છે. ત્યારે શહેરના જાણીતા ગરબા ગ્રુપના ખૈલેયાઓ પોતાના પરંપરાગત ટ્રેડીશનલ



ડ્રેસીંગમાં અવનવા સ્ટેપ્સ સાથે ગરબે ઘુમતા નજરે પડ્યા હતા. જયારે નવરાત્રી પહેલા આટલી બધી તૈયારીઓ સાથે જોતા નગરજનો પણ અચંબામાં પડી ગયા હતા.

નવરાત્રી આવતા શહેરના ગરબા કલાસના સંચાલકોમાં અને ગરબે ઘુમતા ગરબા પ્રેમીઓમાં હરીફાઈ તેજ બની જવા પામે છે. પોતાના કલાસમાં આવતા ખૈલેયાઓ ગરબે મેદાનમાં ધુમ મચાવે તેવા હેતુથી નવરાત્રી અગાઉ ત્રણ મહીનાથી કમરકસી રહ્યા છે ત્યારે શહેરના તમામ ગરબા ગ્રુપ એક સે બઢકર એક સાબિત થઈ રહ્યા છે. ગરબા પ્રેમીઓ ખાસ કરીને પોતાના ડ્રેસીંગને લઈ ખાસ ચિંતિત હોય છે તો બીજી તરફ કેટલાક ગ્રુપ વેસ્ટર્ન કલ્ચર તરફ પણ આકર્ષાયા છે. આ વર્ષે ગરબા ગ્રાઉન્ડમાં કંઈક યુનિક સ્ટાઈલો પણ નિહાળવા મળશે. જેમાં વેસ્ટર્ન સ્ટાઈલમાં રાસ અને ઈન્ડો વેસ્ટર્ન સ્ટાઈલમાં ડાંડીયા પણ રમતા ગરબાપ્રેમીઓ જોવા મળશે. જયારે દરેક ખાનગી આયોજકો દ્વારા થતા ગરબા મેદાનમાં પરંપરાગત ગરબામાં દોઢીયું, પોપટીયું, હુડો, કચ્છી, કાઠીયાવાડી, હીંચ તેમજ રાસ સહિત એક તાળી ગરબામાં પણ વિસંગતતા હશે. શહેરમાં શેરી ગરબાનું કલ્ચર કેટલાક સ્થળોએ યથાવત છે તો કેટલાક ગરબીઓ વિસરાઈ રહી છે. જયારે સેકટરોમાં યોજાતી ભવ્ય ગરબા આયોજનમાં પણ એકતાળી, બે તાળી અને ત્રણ તાળીના ગરબામાં પણ અવનવી સ્ટાઈલ સાથે ગરબે ઘુમતા બહેનો - ભાઈઓ સહિત બાળકો જોવા મળશે.

## વાતવાતમાં

● ગાંધીનગરના સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ઈન્ડિયાના રિજિયોનલ ડાયરેકટર આર.કે. નાયડુની ઓસ્ટ્રેલિયા ખાતે યોજનાર ૧૫ દિવસીય સ્પોર્ટસ મેનેજમેન્ટ એન્ડ લીડરશીપ પ્રોગ્રામ માટે પસંદગી થતા તેઓ સોમવારે સવારે જવા રવાના થશે. અત્રે ઉલ્લેખનીય છે કે આર.કે. નાયડુ હેન્ડબોલની રમતમાં ૧૫ વર્ષ સુધી ભારતીય ટીમનું નેતૃત્વ કરી ચુકયા છે અને પહેલા ભોપાલ અને હવે ગાંધીનગર ખાતેના સાઈ સંકુલોના વિકાસમાં અમુલ્ય યોગદાન આપી રહ્યા છે.

● ગાંધીનગરની સિવિલ હોસ્પિટલમાં એક એમબીબીએસ તબીબ તેમની ઓપીડી કરી રહ્યા હતા ત્યારે અચાનક ખાનગી ડ્રેસમાં એક પોલીસ કર્મી કોઈ કેસ અંગે સમન્સ પાઠવવા આવી પહોંચ્યા હતા. પોલીસ કર્મીએ જયારે તેનીઓળખ આપી ત્યારે પેલા તબીબ આશ્ચર્ય સાથે બોલી ઉઠયા હતા કે ‘સર મને તો એમ કે તમે ટીબી પેશન્ટ છો અને બતાવવા માટે આવ્યા છો.’

● ચિલોડાથી દહેગામ તરફના માર્ગે મગોડી ખાતેના રાહેલબા વૃધ્ધાશ્રમ નજીકના મુખ્ય માર્ગ પર એક રીક્ષાચાલકને અજાણ્યા વાહનની ટક્કર લાગતા રીક્ષા વૃક્ષ સાથે અથડાતા તેનો ખુડદો બોલી ગયો હતો. સદભાગ્યે આ રીક્ષામાં માત્ર તેનો ચાલક જ હતો અને તેને કોઈ જ ઈજા નહોતી થવા પામી.

● ગાંધીનગરના સુવિખ્યાત કોરિયોગ્રાફર વેસ્લી પીટર્સને શ્રધ્ધાંજલિ આપવા સે-૮ના ચર્ચ ખાતે પ્રાર્થનાસભા યોજાઈ હતી. આ પ્રાર્થના સભામાં શહેરના યુવાથી માંડીને વરિષ્ઠ કલાકારો ઉપરાંત દરેક ક્ષેત્રના અગ્રણીઓ અને વિવિધ સંસ્થાના હોદ્દેદારો મોટી સંખ્યામાં ઉમટી પડયા હતા.

## રાજપૂત સાંસ્કૃતિક ફોરમ દ્વારા શરદોત્સવનું આયોજન

ગાંધીનગર, તા.૨૫

શ્રી રાજપૂત સાંસ્કૃતિક ફોરમ દ્વારા આગામી તા. ૧૫ ઓકટોબરના રોજ શિવાલય પાર્ટી પ્લોટ, ક-૭ ગાંધીનગર-માણસા રોડ ખાતે રાત્રિના ૯ કલાકે શરદોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ગાયક કલાકાર રતનસિંહ વાઘેલાના મધુર કંઠે ગરબાની રમઝટ જામશે.

રાજપૂત સમાજના પરિવારો માટે વાર-તહેવારે સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. આ વર્ષે પણ શરદોત્સવ ગરબા યોજાશે. શરદોત્સવમાં રાજપૂત સમાજના તમામ પરિવારજનો એકત્ર થાય તેનાથી પરિવારમાં સંગઠન અને સમાજ પ્રત્યેની ભાવના વધે તેવા શુભ આશયથી આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમના અંતે ઈનામ વિતરણ કરી સન્માન પણ કરવામાં આવશે.

## રાત્રે બેફામ ગતિએ જતી સ્કોડા ઘ-૦ સર્કલ પાસે ગુલાંટ મારી ગઈ

ગાંધીનગર, તા.૨૫

અડાલજ તરફથી ઈન્ફોસિટી માર્ગ પર ગઈ રાત્રે સડસડાટ જઈ રહેલી લકઝુરિયસ કાર સ્કોડા ઘ-૦ સર્કલ નજીક ગુલાંટ મારી ગઈ હતી. કારમાં ચાર મિત્રો સવાર હતા. સ્ટીયરિંગ પરથી કાબુ ગુમાવી દેતા ડીવાઈડર ઉપર ચઢીને કાર પલ્ટી મારી જવા પામી હતી. આ અકસ્માત બાદ કારની એર બેગ ખુલી જતા ચારેય યુવાનોના જીવ બચી ગયા હતા. ચારેય યુવાનોને સામાન્ય ઈજાઓ થતા સારવાર માટે હોસ્પિટલ પહોંચ્યા હતા. સદ્‌ભાગ્યે આ ઘટનામાં કોઈ જાનહાની થવા પામી નથી.

મળતી માહિતી મુજબ ગઈ રાત્રે દોઢેક વાગ્યાના અરસામાં અડાલજ તરફથી બેફામ ગતિએ ઈન્દ્રોડા સર્કલ માર્ગ પર આવી રહી હતી. આ ગાડીમાં ચારેક મિત્રો સવાર હતા. કારની ગતિ લગભગ ૧૦૦ ઉપર હોય તેમ લાગતુ હતુ. આ સ્કોડા કાર ઘ-૦ સર્કલ નજીક આવેલા પેટ્રોલ પંપની સામેની સાઈડ પહોંચી ત્યાં કાર પલ્ટી મારી ગઈ હતી. કાર ચલાવી રહેલા યુવાનનો કોઈ કારણોસર સ્ટીયરિંગ પર કાબુ ન રહેતા કાર ડિવાઈડરને કુદીને ગુલાંટ મારીને પલ્ટી ખાઈ ગઈ હતી. અકસ્માત જોતા આ કારમાં સવાર યુવાનોની હાલત શુ થઈ હશે તે કલ્પના કરવી મુશ્કેલ હતી. જો કે બે- ત્રણ મિનીટમાં કારમાંથી ચારેય યુવાનો સહી સલામત બહાર નીકળતા ત્યાંથી પસાર થતા વાહન ચાલકો કે જેમના આ ઘટના જોઈને જીવ તાળવે ચોંટી ગયા હતા તેમને હાંશકારો અનુભવ્યો હતો. ચારેયને સામાન્ય ઈજાઓ થવા પામી હતી. સદ્‌ભાગ્યે કોઈ જાન હાની થવા પામી ન હતી. કારમા લાગેલી એરબેગથી ચારેયનો આબાદ બચાવ થવા પામ્યો હતો. આ ઘટના અંગે કોઈ પોલીસ ફરિયાદ થવા પામી નથી.

## શહેરમાં મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશન અંતર્ગત રેલી યોજાઈ

મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશન અને સમરસતા અભિયાન સપ્તાહની ઉજવણીના ભાગ રૂપે સ્વચ્છતા અભિયાન અંતર્ગત જનજાગૃતિ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. ગાંધીનગર મહાનગર પાલિકાની કચેરી ખાતેથી સે-૨૮ વસાહત મંડળના પ્રમુખ અને સામાજિક કાર્યકર સીતારામભાઈ પટેલે લીલી ઝંડી આપી રેલીનું પ્રસ્થાન કરાવ્યું હતું. આ સ્વચ્છતા જનજાગૃતિ રેલીમાં વોર્ડ નં. ૧ના નગરસેવિકા હર્ષાબા ધાંધલ, જીલુભા ધાંધલ અને ફાયર ઓફીસર મહેશ મોડ જોડાયા હતા.






ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા આજે સ્વચ્છતા અભિયાન સપ્તાહની ઉજવણીના આરંભે મેયર શ્રી પ્રવિણ પટેલે ગ-૨ સર્કલ પર આવેલ વિવેકાનંદની પ્રતિમાની સફાઈ કરી સ્વચ્છતા અભિયાનના શ્રી ગણેશ કરાવ્યા હતા.

# સાઈ ખાતે ખેલમહાકુંભની મહાનગરપાલિકાની જિલ્લાકક્ષાની કબડ્ડી સ્પર્ધા યોજાઈ





ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગર જિલ્લામાં શાળાકીય ખેલ મહાકુંભ રમતોત્સવ ચાલી રહ્યો છે તે અંતર્ગત સે-૧૫ના સાઈ સંકુલ ખાતે મહાનગરપાલિકાની જિલ્લાકક્ષાની કબડ્ડી સ્પર્ધા યોજાઈ હતી. આ કબડ્ડી સ્પર્ધામાં જિલ્લા કલેકટર સતીષ પટેલ તથા સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ઈન્ડિયાના રિજીયોનલ મેનેજર આર.કે. નાયડુ ઉપસ્થિત રહ્યા હતા.

મહાનગરપાલિકા કક્ષા ખેલ મહાકુંભ કબડ્ડી સ્પર્ધામાં અન્ડર-૧૪ વિભાગમાં ભાઈઓમાં ઝોન-ડી વિજેતા ટીમ બાસણ સરકારી પ્રાથમિક શાળા પ્રથમ ક્રમે, ઝોન-ડી પસંદગી ટીમ ફતેપુરા સરકારી પ્રાથમિક શાળા દ્વિતિય ક્રમે તથા ઝોન-એ વિજેતા ટીમ જે.એમ. ચૌધરી પ્રાથમિક શાળા સે-૭ તૃતીય ક્રમે વિજેતા બની હતી. અન્ડર-૧૭ વિભાગમાં ભાઈઓમાં ઝોન-સી વિજેતા ટીમ પ્રતાપસિંહજી હિન્દી વિદ્યાલય સે-૩૦ પ્રથમ ક્રમે, ઝોન-એ પસંદગી ટીમ આર.સી. પટેલ સ્કૂલ સે-૨૩ દ્વિતિય ક્રમે તથા ઝોન-બી વિજેતા ટીમ યોગાનંદ વિદ્યાલય જીઈબી કોલોની તૃતીય ક્રમે વિજેતા બની હતી.

બહેનોની કબડ્ડી સ્પર્ધામાં અન્ડર-૧૪ વિભાગમાં ઝોન-ડીની વિજેતા ટીમ એમ.બી. પટેલ પ્રાથમિક શાળા સે-૨૩ પ્રથમ ક્રમાંકે, ઝોન-ડીની પસંદગી ટીમ જે.એમ.ચૌધરી પ્રાથમિક શાળા સે-૭ દ્વિતિય ક્રમે વિજેતા બન્યા હતા. અન્ડર-૧૭ વિભાગમાં ઝોન-ડી વિજેતા ટીમ જે.એમ.ચૌધરી પ્રાથમિક શાળા સે-૭ પ્રથમ ક્રમાંકે અને ઝોન-ડી પસંદગી ટીમ સ્વામિનારાયણ ધામ ઈન્ટરનેશનલ સ્કૂલ ધોળાકુવા દ્વિતિય ક્રમે વિજેતા બની હતી. આ પ્રસંગે કલેકટર સતીષ પટેલે ખેલાડીઓને જીવનમાં રમતગમતનું મહત્વ સમજાવી તે અંગે પ્રેરીત કર્યા હતા. સાઈના રિજીયોનલ ડાયરેકટર આર.કે. નાયડુએ વિદ્યાર્થીઓને સ્પોર્ટસ ક્ષેત્રે ઉજજવળ કારકિર્દીની તકો અંગે માહિતગાર કર્યા હતા. આ સ્પર્ધાની વિજેતા ટીમો આગામી દિવસોમાં હિંમતનગર ખાતે રાજયકક્ષાની સ્પર્ધામાં ભાગ લેવા જશે.

# સ્પોર્ટસ ક્ષેત્રે કારકિર્દીની તકો વધશે તો મેડલ્સની સંખ્યા પણ વધશે

**યોગ્ય માળખાકીય સુવિધાઓ સાથે ઉજજવળ કારકિર્દીની તકો પણ સરકારે પુરી પાડવી પડશે : વાલીઓએ ‘ગ્લેમર’નો મોહ છોડી બાળકની પસંદગીની જ રમતને પ્રાધાન્ય આપવું જરુરી : ઓલમ્પિક મેડલ કે વર્લ્ડ કપ વગર પણ સ્પોર્ટસ ક્ષેત્રે કારકિર્દી બનાવી શકાય છે**



લાગ્યું એવું લખ્યું

સમીર રામી

ગાંધીનગર, તા.૨૫

તાજેતરમાં બે ઘટનાઓના કારણે ભારે રાષ્ટ્રીય ચર્ચા જોવા મળી રહી છે. આ બે ઘટનાઓમાં એક છે રિઓ ઓલમ્પિકમાં ભારતીય જુથના ખેલાડીઓનું પ્રદર્શન અને બીજી છે ઉરી ખાતે થયેલ ત્રાસવાદી હુમલાને પગલે થયેલ વીર જવાનોની શહાદત. વારંવાર આપણે ભારતમાં ‘સ્પોર્ટસ કલ્ચર’ જ નથી તેવી ફરિયાદો કરીએ છીએ પરંતુ સ્પોર્ટસ કલ્ચરને ખિલવવા કોઈ જ પગલા લેતા નથી. એ જ રીતે વાર તહેવારે સોશ્યલ મિડિયા પર દેશભકિતના ગાણાં ગાઈએ છીએ પરંતુ સૈન્યમાં યુવાન બનીને જોડાવાની પ્રેરણા બાલ્યકાળથી આપતી એનસીસીની સતત અવગણના કરીએ છીએ. ખાસ કરીને ગુજરાતીઓને આ બંને ક્ષેત્રે પાછળ હોવાનું મહેણું મારવામાં આવે છે. જે ક્ષેત્રમાં મહેનતના પ્રમાણમાં યોગ્ય આર્થિક વળતર, માન-મરતબો અને પુરતું પ્રોત્સાહન નહીં હોય ત્યાં ગુજરાતીઓ તો શું કોઈ પણ પ્રજા નિરુત્સાહ જ દેખાડશે.

આગામી સમય ડિજીટલ ક્રાન્તિ સાથે સ્પોર્ટસ ક્ષેત્રે અનંત સીમાઓ ઉભી કરનારો જણાઈ આવે છે. રમતગમત ક્ષેત્રે હવે માત્ર ક્રિકેટ જ નહી પરંતુ અન્ય રમતો પણ ગ્લેમર અને નાણાં બંને અઢળક પ્રમાણમાં પુરા પાડશે. જો કે આ યુગ ભયંકર હરિફાઈનો હોવાથી ‘મારું બાળક આટલી એકિટવીટીમાં ભાગ લે છે’ તેવા માત્ર દેખાવ ખાતર બાળકના કમને પણ રમતમાં ધકેલતી મમ્મીઓએ સમયસર ચેતી જવાની જરૂર પડશે. હવે માત્ર શારિરીક અને આર્થિક જ નહીં પરંતુ બાળકે રમતગમત ક્ષેત્રે ઉત્કૃષ્ઠ પ્રદર્શન કરવા માનસિક રીતે પણ મજબુત રહેવું પડે અને તે ત્યારે જ થઈ શકશે જયારે તે પોતાની પસંદગીની જ રમત રમતું હશે. માત્ર તાકાતના જોરે પૈસા કમાઈ શકાશે તેવી માન્યતા ખોટી પડશે અને રમતના ઝીણવટભર્યા અભ્યાસ સાથે રમત પ્રત્યેનો લગાવ જ સ્પોર્ટસ ક્ષેત્રે ઉત્તમ કારકીર્દી આપશે. આ સાથે સરકારે પણ જો સ્પોર્ટસ ક્ષેત્રે દેશનું નામ ચમકતું રાખવું હોય તો તમામ રમતને પુરતું પ્રાધાન્ય આપવા સાથે ઉજજવળ કારકિર્દી પહેલાથી બતાવવી પડશે. જેમ કે હરિયાણા-પંજાબ જેવા કેટલાક રાજયોના ખેલાડીઓ લગભગ દરેક રમતમાં આગળ રહેવાનું મુખ્ય કારણ એ છે કે ત્યાં



રાજય સ્તરે મેડલ પ્રાપ્ત કરનાર ખેલાડીને સરકારી નોકરી આપી દેવાની પોલીસી અમલમાં છે. જો આ મોડેલ ગુજરાતમાં પણ લાગુ કરવામાં આવે તો જ શાળાના મેદાનો રમતના બદલે અન્ય ઈતર કાર્યક્રમો માટે વપરાતા બંધ થશે.

આપણી આગામી પેઢી માટે હવે સ્પોર્ટસ ક્ષેત્રે ઉજજવળ કારકિર્દી બનાવવાનો સુવર્ણસમય આવી રહ્યો છે. આ માટે બાળક અનેક રમતોમાંથી પોતાની પસંદગીની રમતમાં મહેનત કરી નિપુણતા મેળવે તો વ્યાયામ શિક્ષક, કોલેજમાં સ્પોર્ટસ પ્રોફેસર, કોચ, જિલ્લા અને રાજયની રમતગમત કચેરીમાં કલાર્કથી માંડીને અન્ય પદવીઓ જેવી કે આસીસ્ટન્ટ પ્રોજેકટ ઓફિસર, ડિસ્ટ્રીકટ સ્પોર્ટસ ઓફિસર, સ્પોર્ટસ ફોટોગ્રાફર, અમ્પાયર, રેફરી, સ્પોર્ટસ જર્નાલિસ્ટ, સ્પોર્ટસ ફિઝિયોથેરાપિસ્ટ, કોમેન્ટેટર, સ્કોરર, ફિટનેસ એકસ્પર્ટ વગેરે રમતગમતના સાધનોનું માર્કેટીંગ કે પ્રોડકશન વગેરે થકી સ્પોર્ટસ બીઝનેસમેન પણ શકી શકાય છે. વળી, વિવિધ સ્પોર્ટસ ફેડરેશનમાં પણ રમતવીરો માટે એડમિનિસ્ટ્રેશન થી માંડીને ગ્રાઉન્ડ લેવલ સુધીની જોબની શકયતાઓનો ભંડાર હવે ધીમે ધીમે ખુલી રહ્યો છે. જો કે આ પૈકીની અનેક પોઝીશન માટે રમતની ધીમે ધીમે આવડત ઉપરાંત શિક્ષણનું પણ મહત્વ સમાંતરે પણ જળવાવું જરુરી બનશે. હવે તો ગુજરાત જેવા રાજયમાં પણ સ્પોર્ટસ ક્ષેત્રે કારકિર્દી બનાવવા વિવિધ સુવિધાસભર કોર્સીસ ચાલી રહ્યા છે. કેન્દ્ર સરકારના સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ઈન્ડિયા આ ક્ષેત્રે એક પ્રસંશનીય કાર્ય તો કરી રહ્યું જ છે પરંતુ એ સાથે સાથે વિવિધ યુનિ.ઓ જેવી કે ગુજરાત યુનિ., ગુજરાત વિદ્યાપીઠ અને સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા પણ વિવિધ કોર્સ ઓફર કરાઈ રહ્યા છે જે ઘણી આવકારદાયક બાબત છે. વળી રાજય સરકાર પ્રેરિત સ્વર્ણિમ સ્પોર્ટસ યુનિવર્સિટી પણ રમત ક્ષેત્રે કારકિર્દી ઘડતરનો વિકલ્પ પુરો પાડવા કમર કસી રહી છે.

રમતગમત ક્ષેત્રે ૬ માસથી લઈને ૧ વર્ષ સુધીના ડિપ્લોમા કોર્સીસ જેવા કે સ્પોર્ટસ સાયન્સ, ડિપ્લોમા ઈન સ્પોર્ટસ મેનેજમેન્ટ, સ્પોર્ટસ કોચિંગ, વિવિધ રમતોના સર્ટિફીકેટ કોર્સ, એડવેન્ચર સ્પોર્ટસ ડિપ્લોમા વગેરેથી માંડીને હવે ડિગ્રી અભ્યાસક્રમો પણ ઉપલબ્ધ થઈ રહ્યા છે. આ ઉપરાંત રાજય બહાર પણ સ્પોર્ટસ ક્ષેત્રે ઉજવળ કારકિર્દી ઘડી આપવામાં મદદરૂપ થતા અભ્યાસક્રમો વિશાળ સંખ્યામાં ઉપલબ્ધ છે, જરૂર છે તો માત્ર બાળકને તેની ક્ષમતા અનુસારની રમતમાં રસ અને રૂચિ કેળવવાની અને તેના મા-બાપે કોઈ પણ જાતના માનસિક દબાણ ના કરી રમત પસંદ કરાવવાને બદલે બાળકે પસંદ કરેલ રમત માટે પુરતો અવકાશ અને યોગ્ય વાતાવરણ પુરું પાડવાની. કાળા વાદળની રૂપેરી કોરની જેમ હવે ધીમે ધીમે આશાનું કિરણ દેખાઈ રહ્યું છે જે આગામી સમયમાં ભારતને સ્પોર્ટસ ક્ષેત્રે માનભર્યું સ્થાન જરૂર અપાવશે.

પ્રતિભાવો આવકાર્ય : samirtalod@yahoo.com

## ગૂંજ ફાઉન્ડેશનની શહીદોને શ્રધ્ધાંજલિ



જમ્મુ-કાશ્મિરના ઉરી બેઝ કેમ્પ પર થયેલા ત્રાસવાદી હુમલામાં દેશના વીર જવાનો શહીદ થવાની ઘટનાના પગલે દેશભરમાં આક્રોશની લાગણી ફેલાવા પામી છે. રાત દિવસ તાપ-ટાઢ-વરસાદ કે અન્ય તમામ મુશ્કેલીઓ સહીને પોતાના પરિવારથી દૂર રહીને દેશના સીમાડાઓના રખોપા કરતા વીર સૈનિકો પ્રત્યે સર્વત્ર સન્માન અને ગર્વની લાગણી વ્યકત કરાઈ રહી છે. ગાંધીનગરમાં સેવાકીય પ્રવૃત્તિઓમાં કાર્યરત ગૂંજ ફાઉન્ડેશનના યુવાનો દ્વારા શહીદ થયેલા જવાનોને શ્રધ્ધાંજલિ અર્પણ કરવાનો કાર્યક્રમ રવિવારે સવારે સે-૧૬માં વિદ્યા લાયબ્રેરી ખાતે યોજવામાં આવ્યો હતો. સંસ્થાના સભ્યોએ આ પ્રસંગે શહીદોની તસવીરને પુષ્પાંજલિ અર્પણ કરી મૌન પાળી તેમના આત્માની શાંતિ માટે પ્રાર્થના કરી હતી.

## ડાયાબીટીસ અવેરનેસ કેમ્પ યોજાયો

અમદાવાદની ડાયા-કેર કંપની અને ગુંજન લાફીંગ કલબના સંયુકત ઉપક્રમે સેકટર-૨૨, ચ-૬ નજીકના ત્રિકોણ બગીચા ખાતે તાજેતરમાં ડાયાબીટીસ અવેરનેસ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ડાયાબીટીસ ટેસ્ટીંગ અને બ્લડપ્રેશર માપવામાં આવ્યું હતું. જેનો કલબના સભ્યોએ અને નાગરિકોએ મોટી સંખ્યામાં લાભ લીધો હતો તથા ડાયાબીટીસ અવેરનેસ કેમ્પ દરમિયાન કસરતના માધ્યમથી ડાયાબીટીસ અને તેના કારણે થતી અન્ય તકલીફો દૂર થાય છે તેની પણ સમજ આપવામાં આવી હતી. આ કાર્યક્રમમાં ગુંજન લાફીંગ કલબના પ્રમુખ મનહર શાહ, સેક્રેટરી ભરતસિંહ વાઘેલા તેમજ મોટી સંખ્યામાં સભ્યો હાજર રહ્યા હતા.

## ચિરવિદાય

- સ્વ. વૈષ્ણવ કૈલાશદાસ શંકરદાસ, ઉ.વ. ૪૦
- સ્વ. હિરાબેન ઈશ્વરભાઈ પરમાર, ઉ.વ. ૮૨
- સ્વ. જીવતબેન કલાજી ઠાકોર, ઉ.વ. ૯૫
- સ્વ. લીલાબેન ગીરધરભાઈ સેજપાલ, ઉ.વ. ૯૨
- સ્વ. નાયી હિરાબેન નિરંજનભાઈ, ઉ.વ. ૬૦